BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# ઉત્તર અમેરિકાની ક્રિકેટની રાજધાની તરીકે સિટી ઓફ બ્રૅમ્પટન પોતાની સ્થિતિ મક્કમ કરી રહ્યું છે

### *સ્પોર્ટ્સ ટ્યુરિઝમમાં રોકાણ કરીને સ્થાનિક ક્રિકેટની સવલતોનો વિકાસ કરી રહ્યું છે*

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (15 જૂન 2023) – ગઈકાલે થયેલ બેઠકમાં સિટી કાઉન્સિલે બ્રૅમ્પટનના ક્રિકેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વિકાસ કરવાના વધારાના પગલાને મંજૂરી આપી હતી જેથી સ્થાનિક રમતગમતમાં ચાલુ રહેલ વિકાસ આગળ વધી શકે અને "ઉત્તર અમેરિકાની ક્રિકેટ રાજધાની" થવાના સિટીના વિઝનને વેગ મળે.

સમસ્ત બ્રૅમ્પટનમાં ક્રિકેટની સવલતોના તાજા મંજૂર થયેલા વિકાસના પગલાંમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- એન્ડ્રુ મકકેન્ડલેસ પાર્ક ખાતેની ક્વૉલિટી સ્વિટ્સ ક્રિકેટ પિચ – વધારાના ઉમેરાયેલ બે છાયડો આપતા માળખા જેમાં પાવરનું જોડાણ હોય તેમજ ચાર લેન ક્રિકેટ બેટિંગ કેજનું ઈન્સ્ટોલેશન;
- સેવ મેક્સ સ્પોર્ટ્સ સેંટર – ચાર લેન ક્રિકેટ બેટિંગ કેજનું ઈન્સ્ટૉલેશન;
- બૅટ્સમૅન પાર્ક વિકલ્પો – સમુદાય સાથેની સલાહમસલત બાદ બેથી ચાર શેડ શેલ્ટર સૈલ્સ અથવા શેડ સ્ટ્રક્ચરો ઉમેરવા વિશે વિચાર કરવો, અને તે અંગે 2024ના અંદાજપત્રમાં ધ્યાન પર લેવું;
- ટેરામોટો એન્ડ ઈમેન્સિપેશન પાર્કસ વિકલ્પો – સમુદાય સાથેની સલાહમસલત બાદ પ્રત્યેક પાર્કમાં બેથી ચાર શેડ શેલ્ટર સૈલ્સ અથવા શેડ સ્ટ્રક્ચરો ઉમેરવા વિશે વિચાર કરવો પાર્ક, અને તે અંગે 2024ના અંદાજપત્રમાં ધ્યાન પર લેવું;

આ રોકાણો ઉપરાંત, ક્રિકેટ બેટિંગ કેજ માટે સિટી લેન એલોકેશન મેનેજમેન્ટ સિસ્ટમ વિકસાવશે, અને સ્થાનિક ક્રિકટ સંસ્થાઓ સાથે પાર્ક્સ એન્ડ રિક્રિએશન માસ્ટર પ્લાનને અદ્યતન કરવાના ચાલુ રહેલા પગલાના ભાગરૂપે પ્રવૃત્ત રહેવાનું ચાલુ રાખશે. બ્રૅમ્પટન ખાતે ક્રિકેટના વિકાસ માટે ઉચિત સમર્થન સુનિશ્ચિત કરવામાં આનાથી મદદ મળશે.

કૅનેડામાં ક્રિકેટ સૌથી ઝડપથી વધતી રમગમત છે અને સિટી ઓફ બ્રૅમ્પટન તેમના રહેવાસીઓને વાપરવા માટે ક્રિકેટની સબળ સવલતો આપે છે. બ્રૅમ્પટન ક્રિકેટ ખેલાડીઓએ છેલ્લા અનેક દાયકાઓથી સ્થાનિક બિન-નફાકારક લીગમાં વિકાસ સાધ્યો છે જેમકે બ્રૅમ્પટન ક્રિકેટ લીગ (BCL) અને બ્રૅમ્પટન ઈટોબિકોક ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ લીગ (BEDCL), જેમને કારણે આ રમતગમત માટે સમર્થન અને રૂચિમાં ઉછાળો આવ્યો છે. સિટીની સવલતો 42 જેટલી સંસ્થાઓ, ટૂર્નામેન્ટો અને વ્યક્તિઓની યજમાની કરે છે જેથી 14,000 કલાકો કરતા વધુ ફિલ્ડ સમય બૂક થાય છે.

છેલ્લા ત્રણ વર્ષોમાં, બ્રૅમ્પટન દ્વારા 20 કરતા વધુ ક્રિકેટ સવલતોના વિકાસ પ્રયોજનોમાં $20,00,000 કરતા વધુ રોકાણ કરવામાં આવ્યું અને હાલમાં પણ સમુદાયની જરૂરિયાતને ભાવિ પ્રિયોજનાઓમાં $70,00,000 જેટલા ફાળવીને અગ્રિમતા આપવાનું ચાલુ રહ્યું છે. વધારાના વિકાસ કાર્યોમાં સમાવેશ થાય છે ટર્નર ફેન્ટન સેકન્ડરી સ્કૂલ, ક્રેડિટવ્યૂ સેન્ડલવૂડ પાર્ક ખાતે સંપૂર્ણપણે પ્રકાશમય કરેલ ક્રિકેટનું મેદાન અને ગોર મેડોઝ ઈસ્ટ કમ્યુનિટી પાર્કમાં ત્રણ નવા મેદાનો.

**2023 ગ્લોબલ T20 કૅનેડા ટૂર્નામેન્ટ**

ગ્લોબલ T20 (GT20) વાર્ષિક ક્રિકેટ ટૂર્નામેન્ટ છે જેમાં ટોચના ઉત્તર એમેરિકન ખેલાડીઓ અને વિશ્વના કેટલાક મહાન ક્રિકેટવીરો ભાગ લે છે.

સિટી 2023 GT20 ક્રિકેટ ટૂર્નામેન્ટનું ગૌરવવંતું પ્રાયોજક છે જે બ્રૅમ્પટન સ્પોર્ટ્સ પાર્ક, CAA સેંટર સ્પોર્ટ્સ અને એન્ટર્ટેન્મેન્ટ કોમ્પ્લેક્સમાં જુલાઈ 20 થી ઑગસ્ટ 6 વચ્ચે ખેલાશે. અગાઉ 2019માં સિટીએ ટૂર્નામેન્ટની બીજી સિઝનની યજમાની કરેલ જ્યાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રેક્ષકો ખેંચાઈ આવ્યા હતાં.

GT20 ટૂર્નામેન્ટની વધુ વિગતો માટે કૃપા કરી www.gt20.caની મુલાકાત લો.

જેમ જેમ માંગ વધતી જાય છે તેમ તેમ સિટી વધારાની તકો ઊભી કરવા અને પોતાના મેદાનો અદ્યતન કરવા પ્રતિબદ્ધ છે જેમાં આખા વર્ષ દરમિયાન સવલતોને શિયાળાના પ્રભાવોથી સુરક્ષિત રાખવાના પગલાનો પણ સમાવેશ થાય છે જેથી તમામ લોકો માટે રમવા અને માણવાનો અવકાશ સર્જાય.

અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca/cricket

**સુવાક્યો**

ક્રિકેટની રમત ઉત્તર અમેરિકાની સૌથી વધુ ઝડપે વિકસતી અને સૌથી વધુ જોવાતી રમત તરીકે ઉભરી આવી છે અને બ્રૅમ્પટનમાં તો તેની બોલબાલા છે! બ્રૅમ્પટનમાં ફરીથી ગ્લોબલ T20 કૅનેડા ટૂર્નામેન્ટને આવકારતા અમને અતિશય આનંદની લાગણી થાય છે, જેથી ફરી આંતરરાષ્ટ્રીય ધ્યાન આપણી તરફ ખેંચાશે. સાથે જ આપણા પોતાના સ્થાનિક સમુદાયની ક્રિકેટની સંસ્થાઓને પણ પ્રેરણા મળશે. સુલભતા અને વિકાસમાં રોકાણ કરવાની મહત્તા અમે બરાબર સમજીએ છીએ ખાસ કરીને આપણા યુવાધનના વિકાસ માટે. આ રમત ફરી આવે છે ત્યારે તે આપણા સમુદાયને સંગઠિત કરશે અને વિકસાવશે.
- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન

"સિટી ઓફ બ્રૅમ્પ્ટન ક્રિકેટ રમનારાઓ, સહયોગ, સવલતો અને ઈવેન્ટ્સ માટેનું વિકસતું કેન્દ્ર છે અને વિશ્વભરમાં આપણા સ્થાનિક સમુદાયો જે નામ રોશન કરી રહ્યા છે તે માટે મને ગૌરવની લાગણી થાય છે. આપણા સ્થાનિક ક્રિકેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ઉન્નત કરવામાં ચાલુ રહેલ રોકાણ

સુનિશ્ચિત કરશે કે અમે આપણા સમુદાયોની હાલની જરૂરિયાતો પૂર્ણ કરી શકીશું અને સાથે જ ભાવિ પ્રતિભાને ટેકો પૂરો પાડી શકીશું જે માટે તેમને આ રમતમાં આગળ વધવા માટે તેમને જરૂર હોય તે સવલતો પૂરી પાડીશું."

*- રોવેના સાન્તોસ, રીજનલ કાઉન્સિલર , વૉર્ડ 1અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસિસ, સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 90,000 કરતા વધુ વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca